## ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુકત શાસનની ગુલબાંગો વચ્ચેની વાસ્તવિક્તા

# બાબરાનાં માધુપુર (કરિયાણા)નાં ગામજનો ધાકધમકીથી ભયભીત

ગામજનોએ જમીન પચાવી પાડનાર અને તેને ખરીદનાર વ્યકિતઓની ધાકધમકી સામે કાર્યવાહી કરવા માંગ કરી

જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ગામજનોએ માથાભારે શખ્સો વિરૂધ્ધ ''પાસા'' હેઠળ કાર્યવાહીની માંગ કરી

સેવા માટે ફાળવેલ જમીનનાં વહીવટકર્તાએ ગેરકાયદેસર રીતે કબ્જો કરીને તેનું ગેરકાયદેસર વેચાણ કરવાનો આક્ષેપ

ગામજનોએ સામૂહિકરૂપે અમરેલી ખાતે સેવા સદનમાં આવીને રજૂઆત કરી





અમરેલી, તા. ૧૪

રાજયમાં ભય, ભૂખ અને ભ્રષ્ટાચારમુકતશાસનચલાવતીહોવાનો દાવો કરતી ભાજપ સરકારનાં રાજમાં ભય ફેલાવી, ભ્રષ્ટાચાર કરીને ભૂખ મિટાવવાનો પ્રયાસ માથાભારે શખ્સો કરતાં જોવા મળી રહ્યા છે અને રાજય સરકારહાથઉપરહાથરાખીનેબેઠીહોય તેની સાબિતી આપતી અનેક ઘટનાઓ અમરેલી સહિત સમગ્ર રાજયમાંથી પ્રકાશમાંઆવીરહીછે.

દરમિયાનમાં બાબરાનાં માધુપુર (કરિયાણા) ગામનાં મોહનભાઈ ખૂંટ, દિલીપભાઈ હિરપરા અને પ્રવિણભાઈ ખૂંટ સહિતનાં નાગરિકોએ સમસ્ત ગામજનોનો સાથ લઈને આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને પોતાની અને ગામજનોનીસમસ્યાઅંગેરજૂઆતકરીને તેનુંનિરાકરણ કરવાનીમાંગ કરેલછે.

આવેદનપત્રમાંજણાવેલછે કે, માધુપુર (કરિયાણા) ગામની મોહનભાઈ ખૂંટ અને પ્રેમજીભાઈ ખૂંટનીમાલિકીનીજમીનશૈક્ષણિકઅને રચનાત્મકકાર્યમાટેવિનામૂલ્યેમધુરમ્ય સહયોગમંડળનાંવહીવટકર્તાબારૈયાને સોંપેલ અને બાદમાં થોડા વર્ષો સુધી શિક્ષણ કાર્ય થયા બાદ તેનું સ્થળાંતર કરવામાં આવ્યું હતે વહીવટકર્તાએ જમીન પર કબ્જો કર્યો બાદમાં તે જમીનનાંવારસદાર તરીકે તરીકે તેમના પુત્રનું નામ ચડાવ્યું અતે તેઓ ધ્વારા જમીનનુંવેચાણઅન્યવ્યકિતઓને કરી દીધેલ. આ બાબતે મહેસુલ વિભાગમાં રજૂઆત કરવામાં આવી અને હાલ તે જમીનપરખરીદકરનારે ગેરકાયદેસર કબ્જો જમાવી દીધી છે અને જમીન બાબતે કોઈને કશું બોલવાનું નથી તેમ કહીનેરજૂઆતકરનારસહિતનેજમીન ખરીદનારધ્વારાધાકધમકીઆપવામાં આવીછે.

અંતમાં જણાવેલ છે કે, ભયના કારણે અમો ગ્રામજનો ગામમાંથીબહારજઈશકતાનથીઅને અમોગામજનોનેઅમારાગામમાંરહેવું અત્યંત મુશ્કેલી છે. આ તમામ વ્યકિતઓનાંત્રાસથીસમગ્રગ્રામજનો થાકીગયેલછે.જેથીઅમારેગામછોડીને સ્થાળંતર કરવું પડે તેવી નોબત આવી ગયેલછે.અમોનેયોગ્યન્યાયઅપાવવા અનેત્રણેયવ્યકિતઓનેપાસાનાકાયદા હેઠળ અટક કરાવવા અને સદરહું સંસ્થાનીમિલ્કતનોકબ્જોખાલીકરાવી અનેઆજગ્યામાધુપુરગામનેશૈક્ષણિક હેતુ માટે ફાળવવા અંતમાં માંગ કરેલછે.

---

### પતિ સાથે દિવ ગયા બાદ ડખ્ખો થયો

## રાજુલાનાં કોવાયા ગામે પરિણીતાએ પતિ સાથે માથાકૂટ થતાં ગળાફાંસો ખાધો

### માથાકૂટ થતાં લાગી આવતા અંતિમવાટ પકડી

અમરેલી, તા. ૧૪

રાજુલાતાલુકાનાકોવાયાગામે કોવાયાટાઉનશીપઈ–૮૩રહેતાનિધીબેન ડો./ઓ. જયપાલસિંહ શાસ્ત્રી તે વા/ઓ રૂપેન્દ્રસિંઘવિરેન્દ્રસિંઘ નામનાં ૩૦વર્ષિય પરિણીતાને તેણીના પતિ સાથે દિવ ગયા બાબતે બંને વચ્ચે ઝઘડો અને બોલાચાલી થયેલહોય.જેબાબતનુંલાગીઆવતાતેણીએ તા.૧૩નાઆશરે૧૧વાગ્યેપોતેપોતાની મેળેપોતાનાઘરેચુંદડીવડેપંખાસાથેબાંધી ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાનું પોલીસમાંજાહેરથવાપામેલછે.

---

### અમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ દ્વારા તડામાર તૈયારીઓ

## અમરેલીમાં આજે સાંજે ૮ કલાકે ગણેશ પાર્ટી પ્લોટમાં બ્રહ્મ રાસોત્સવ–૨૦૨૪નું આયોજન

### આ રાસોત્સવ ફક્ત બ્રહ્મસમાજ પુરતો જ સીમિત રાખવામાં આવ્યો છે

અમરેલી, તા. ૧૪

અમરેલીખાતેઆવતીકાલ મંગળવારેસાંજે૮કલાકેલાઠીરોડઉપર આવેલગણેશપાર્ટીપ્લોટખાતેઅમરેલી જિલ્લા સમસ્ત યુવા બ્રહ્મસમાજ ધ્વારા બ્રહ્મ રાસોત્સવ–૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ માત્ર બ્રહ્મસમાજમાટેસીમિતહોયએન્ટ્રીપાસ મેળવવા માટે મહાવીર વસ્ત્ર ભંડાર, શિવશકિત ગ્રાફિકસ, શ્રી પરશુરામધામ, ફૂડઅડા, સહયોગલાઈટબીલ, મહાદેવ મોલ, પ્લસ પોઈન્ટ કોમ્પ્યુટર, ઉમા મેડિકલ, શિવમ ઓપ્ટીકલ્સ, જે.બી. મોબાઈલ, બાલાજી ડેરી ફાર્મ, ગણેશ મેડિકલઅને શ્રીજી મેડિકલ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા બ્રહ્મસમાજનાં અગ્રણીઓ ભગીરથ ત્રિવેદી, રાજન જાની, તેજસ ત્રિવેદી, ભાવિનભટ્ટ, કિશનશિલુ, કનક જાની, ઉમંગ ત્રિવેદી સહિતનાં આગેવાનોભારેજહેમતઉઠાવીરહ્યાછે.

---

### જીલ્લા પંચાયતનાં સદસ્ય દ્વારા ગ્રાન્ટ ફાળવતા

## બાબરાનાં સુખપર ગામે કોળી સમાજની વાડીમાં રૂપિયા ૫ લાખનાં ખર્ચે શેડ બનાવાશે

### ભાજપ અગ્રણી નીતિન રાઠોડે કર્યુ ભૂમિપુજન




બાબરા, તા. ૧૪

બાબરા તાલુકાના સુખપર ગામેકોળીસમાજનીવાડીમાંરૂપલાખના ખર્ચે શેડ બનાવવા આવશે જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારાગ્રાન્ટફાળવીખાતમુહૂર્તકર્યુમોટી સંખ્યામાં કોળી સમાજ અગ્રણીઓ સ્થાનિકભાજપનાઅગ્રણીઓઉપસ્થિત રહ્યા.

બાબરા તાલુકાના સુખપર કોળીસમાજનીવાડીનાઉપયોગમાટેશેડ બનાવવા આ વિસ્તારના જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા રૂ ૫ લાખ ની ગ્રાન્ટ ફાળવી ખાત મુહૂર્ત કરતા કોળી સમાજમાં આનંદની લાગણીપ્રસરીગઈહતી.

ગામના સરપંચ વલ્લભભાઈ બારૈયા વિનુભાઈ ઝાપડિયા તાલુકાભાજપનાઉપપ્રમુખ કિરીટભાઈ બગડા યોગેશભાઈ ગોહિલ લાલભાઈ ગોહિલ કસાભાઈ ઝાપડિયા માધભાઈ બરાયા અરવિંદભાઈ રાઠોડ કાનભાઈ શેખ લીંબાભાઈ ઝાપડિયા વિઠ્ઠલભાઈ જાદવ વાલાભાઈ જાદવ ભરતભાઈ ઝાપડિયા અને મોટી સંખ્યામાં ગ્રામજનોઉપસ્થિતરહ્યાહતા.

---

## લીખાળા ગામે PGVCLની કામગીરીનાં ધાંધિયા



વીજપડી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે પીજીવીસીએલની કામગીરી ઉપર ઉઠયા અનેક સવાલો અવારનવાર રજૂઆત કરવા છતાં ખેડૂતનાખેતરમાંથીપસારથતીઈલેવન લાઈનનાવાયરોખેડૂતનાખેતરમાંઉભા પાકે માણસ ઊભા ઊભા પણ ટચ થઈ જાયતોનવાઈનહીંલીખાળાગામનાઆ ખેડૂત ખાતેદાર દ્વારા પણ રજૂઆત કરવામાં આવેલ અને સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત પણ રજૂઆત કરવામાં આવેલ હતી છતાં અધિકારીઓ દ્વારા આ વસ્તુ ધ્યાને લેવામાં આવતી નથી કોઈ પણ મનુષ્યનો ભોગ લે તો જવાબદાર કોણ? તેવા વૈદક સવાલો ઉઠયા કોઈ માનવ જિંદગીનો ભોગ લે એ પહેલા આ વાયરો હટાવવામાંઆવેઅથવાઅન્યકોઈ પણ વ્યવસ્થાકરવામાંઆવેતેવીલોકમાંગઉઠી છે.વિજલાઈનઆખેડૂતનાખેતરમાંમાત્ર ૫ઃ૩૦થી ૬ફૂટજેટલીહાઈટસુધીનિચા છેતેમસમીરખોખર દ્વારાજણાવેલ.

---

### વડિયાનાં મોટા ઉજળા ગામનાં

## યુવકે બાઈક બેફિકરાઈથી ચલાવીને કાબુ ગુમાવતા અંતે જીવ ગુમાવી દીધી

### શેખપીપરીયાથી કેરિયા રોડ પરની ઘટના

અમરેલી, તા. ૧૪

મુળમધ્યપ્રદેશનાવતનીઅને હાલવડીયાતાલુકાનામોટાઉજળાગામે રહેતા વારસીંગભાઈ ભીમસીંગભાઈ માનઠાકોર નામનાં ૩૦વર્ષિયયુવકગત તા. ૧૧ના રોજ આશરે ચારેક વાગ્યે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. એમપી–૪૬ એમએકસ–૩૫૪૮ નું લઈ શેખપીપરીયાગામથીકેરીયાગામ તરફ જવાના રસ્તે પુરઝડપે અને બેફીકરાઈથી માનવજીંદગીજોખમાઈ તે રીતે ચલાવી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી રોડની સાઈડમાં ઉતારી દેતા પોતાની નાની દિકરી રાયનાબેન (ઉ.વ. ૨) ને શરીરે મુંઢ ઈજા કરી તથા પોતાને માંથાના, કપાળના ભાંગે તથા મોઢાના ભાગે તથા અન્ય શરીરે નાની–મોટી ઈજાઓ થતાં તથા ચાલક વારસીંગભાઈનુંસારવારદરમ્યાનમોત નિપજયુંહતું.

---

## લીલીયા : તા. ૨૩ ઓકટોબરે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા.૧૪

આગામી તા.૨૩ ઓકટોબર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે લીલીયા તાલુકા સ્વાગત કાર્યક્રમ, લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે, તેમ લીલીયા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.

---

# સાવરકુંડલામાં પથ સંચાલન સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠ ઉજવાઈ






રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૯૯મી વર્ષગાંઠની ઉજવણીના ભાગ રૂપે સાવરકુંડલાશહેરમાંભવ્યપથસંચલનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના જેસર રોડ તેમજ સોસાયટીઓ પર નીકળેલાઆપથસંચલનમાંમોટીસંખ્યામાંસંઘ કાર્યકર્તાઓએઉત્સાહથીભાગલીધોહતો. બાળકોથી લઈને વૃદ્ધો સુધીના સંઘ કાર્યકર્તાઓએ પરમ પૂજય ભગવા પ્રવજ અનેગણવેશમાંસજજથઈનેશહેરનામાર્ગો પર શોભા વધારી હતી. નગરવાસીઓએ પણઉત્સાહપૂર્વકઆકાર્યક્રમમાંજોડાઈને ભગવાધ્વજપૂજનતેમજપુષ્પવર્ષાકરીને સ્વાગત કર્યુ હતું. તેમજ સ્વયંસેવકો દ્વારા આર.એસ.એસ.નીસ્થાપનાશતાબ્દીવર્ષ નિમિત્તે પંચ પરિવર્તન વ્યવહારમાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો જેમાં સમરસતા, સ્વદેશી, કુટુંબ પ્રબોધન પર્યાવરણ, નાગરિક શિષ્ટાચાર વિશે વાત કરવામાં આવી હતી. સંઘ કાર્યકર્તાઓએ શિસ્તબદ્ધ રીતે પથસંચલન કરીને નગરવાસીઓનેદેશભક્તિનીપ્રેરણાઆપી હતી.આપથસંચલનમાંપોલીસબંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સાવરકુંડલાના નગરવાસીઓએપણઆકાર્યક્રમનેલઈને ભારેઉત્સાહદર્શાવ્યોહતો.આપથસંચલન વિજયા દશમીના પર્વ નિમિત્તે યોજવામાં આવ્યું હતું. વિજયાદશમી હિંદુ ધર્મનો એક મહત્વપૂર્ણતહેવારછેઅનેતેનેવિજયનું પ્રતિકમાનવામાંઆવેછે.આદિવસેસંઘ કાર્યકર્તાઓ દેશની એકતા અને અખંડિતતામાટેપ્રતિજ્ઞાલેછે.

## કપાસ, મગફળીનાં પાકને વ્યાપક નુકસાન, ઘાસચારાને લઈને પણ ચિંતા

# અમરેલી જિલ્લામાં મેઘાવી તાંડવથી ખેડૂતો પરેશાન

દિવાળી ડોકીયા કરી રહી હોય તેવા સમયે જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં મેઘાવી તાંડવ થતાં ચિંતા

લોહી, પાણી એક કરીને તૈયાર કરેલ ખેતીપાકોને વરસાદથી ભારે નુકસાન થતાં ખેડૂતો મુશ્કેલીમાં

સતત ભેજવાળું વાતાવરણ રહેતા શરદી, તાવ જેવો રોગચાળો પણ પ્રસરી રહ્યો છે

જિલ્લામાં ૧ થી લઈને ૪-૪ ઈંચ સુધી ભારે વરસાદ પડી રહ્યો છે







અમરેલી, તા. ૧૪

અમરેલીજિલ્લામાંચાલુવર્ષે નવરાત્રિ પહેલાપુરતાપ્રમાણમાંવરસાદ પડી જતા નદી, તળાવો, ચેકડેમ, જળાશયો છલોછલ થયા હતા, હરિયાળીનો માહોલ જોવા મળતો હતો અને વરસ સારૂ થયું તેવું માનીને ખેડૂતો, વેપારીઓ અને વહીવટીતંત્ર પણ રાહતનોશ્વાસલેતાહતા. પરંતુનવરાત્રિ અનેહવેશરદપૂનમઆવછતાંમેઘરાજા વિદાયલેતાનથીઅનેદેધનાધનવરસાદ પડતાંસૌકોઈનીખૂશીહવેચિંતામાંપલ્ટી ગઈ હોય તેવું ચિત્ર જોવા મળી રહ્યું છે.

સામાન્ય રીતે નવરાત્રિમાં મેઘરાજાવિદાયલેતાહોયછેપરંતુછેલ્લા ૧૨ દિવસમાં જુદા-જુદા વિસ્તારમાં પાંચથી દશ ઈંચ જેટલો વરસાદ પડતા કપાસ, મગફળીનાં પાકોને વ્યાપક નુકસાન થઈ રહ્યું છે. તો બજારમાં પણ મેઘાવીમાહોલથીકોઈફરકતુનથીએટલે વેપારીઓ પરેશાનીમાં મુકાયા છે.

સતત અને ભારે વરસાદથી જિલ્લાનાંઅનેકમાર્ગોબિસ્મારબનીગયા હોય દિવાળી પહેલા બિસ્માર માર્ગોની મરામત પણ થઈ શકતી નથી અને દિવાળી નજીકમાં હોય જિલ્લાનાં વતનીઓ અમદાવાદ, સુરતથી તહેવાહરમાં જિલ્લામાં આવવાનાં હોય માર્ગોનું રીપેરીંગ થતું નથી.

**બાબરા**

ગતરાત્રે બાબરાના ફુલઝર ગામે અનરાધાર વરસાદથી ખેતીપાકો વરસાદી પાણીમાં તણાયા હતાં. ગતરાત્રે જાણે આભ ફાટયું હોય એવી પરિસ્થિતિ ફુલઝર ગામે જોવા મળી હતી. ૪ ઈંચ જેટલા વરસાદથી ખેતીપાકો વરસાદી પાણીમાં વહી ગયા. વારથી ખેડૂતો દ્વારા ખેતીપાક મગફળીને શોધવા લાગ્યા હતા.

ખેડુતો મજૂરો રાખીને નદીના પટ્ટમાં ખેતીપાક મગફળી શોધતા જોવા મળ્યા. છેલ્લા વરસાદમાં ખેડૂતોની કમાણી વરસાદમાં તણાઈ જેવી સ્થિતિ નિર્માણ પામી.

ફુલઝર ગામના આગેવાન નાગરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે, રાત્રીના અનરાધાર વરસાદ પડી ગયો હતો ભારે વરસાદથી ગામ અને સિમ વિસ્તારમાં પાણી પાણી જોવા મળ્યા હતા. ગામથી પ્લોટ વિસ્તારમાં ભારે પાણી આવવાથી સંપર્કવિહોણું બન્યું હતું અને સિમવિસ્તારમાં પણ સિંગના પાથરાઓ પાણીમાં તણાયા હતા અને કપાસના પાકને પણ નુકસાની થઈ હતી . આ બાબતે સરકાર દ્વારા તત્કાલ સર્વે કરી ખેડૂતોને સહાય ચુકવામાં આવે તેવી પણ માંગ કરી હતી.

### તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીની માંગ

## અમરેલી : ગાવડકા ગામના એપ્રોચ રોડ પર માઈનોર બ્રીજ બનાવો

### માર્ગ મકાન વિભાગમાં રજૂઆત કરાઈ

અમરેલી, તા. ૧૪

અમરેલી તાલુકાનાં ગાવડકા ગામનો એપ્રોચ રોડ મહત્વના બે રોડ અમરેલી બગસરા રોડ અને અમરેલી ધારી રોડને જોડતો મહત્વનો રોડ છે, અને આ રોડની પરિસ્થિતિ હાલમાં ખૂબ જ ખરાબ હોય જેથી કરીને વાહન ચાલકોને વાહન ચલાવવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે, જેથી કરીને તાત્કાલીક ધોરણે આ રોડને રીપેરીંગ કરવામાં આવે, અને આ રોડમાં વચ્ચે એક કોઝવે અને છેડે દાણા ફેકટરી પાસે એક કોઝવે આવે છે, જે બંને કોઝવેમાં ચોમાસામાં પાણી આવવાના કારણે વાહન વ્યવહાર બંધ થઈ જાય છે અને મુસાફરોને ધારી રોડે જવા માટે ગાવડકા ચોકડી સુધી ફરવા જવું પડે છે, અને આ એપ્રોચ રોડમાં છેડે દાણ ફેકટરી પાસે આવેલો કોઝવે ખૂબ જ નીચો હોવાથી વાહન ચાલકોને ધારી રોડે જવા માટે અમરેલી કે ધારી બાજુથી આવતા વાહનો દેખાતા નથી, જેને લીધે અવાર નવાર અકસ્માતો થાય છે અને નિર્દોષ લોકો તેનો ભોગ બને છે, તો આ એપ્રોચ રોડમાં આવતા બંને કોઝવેની જગ્યાએ માઈનોર બ્રીજ બનાવવા માટે તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ માંર્ગ મકાન વિભાગમાં રજૂઆત કરી છે.

## સાવરકુંડલાના વીજપડી ગામે પી.જી.સી.એલ.ના ખુલ્લા ફયુજ



વીજપડી, તા. ૧૪

સાવરકુંડલાના વીજપડી ગામે ખુલા ફયુજ કોઈ માનવ કે નાના બાળકો આ રસ્તે જતાં હોય છે જયાં ગાયત્રી વિદ્યાલય આવેલી અને સ્થાનિક લોકો પણ ભયના આધારે જીવે છે. કે કોઈ મોટી જાનહાનિ ન થાય. આજે છેલ્લા કેટલાય સમયથી આ કામ થયેલ નથી. બહાના સારા બનાવવા આવે છે સ્ટોરમાં પેટીઓ નથી પણ એની વૈકલ્પિક સુવિધા તો હોય? એ કરી શકાય એ પણ નથી કરતા શું કારણ હોય શકે. કોઈ માનવ જિંદગીનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યા હશે. તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ.

### વાયબ્રન્ટ ગુજરાતમાં માર્ગો પણ વાયુબ્રન્ટ બન્યા

## હે રામ : સાવરકુંડલાનાં ગાધકડાથી વીજપડી વચ્ચેનો માર્ગ બન્યો બિસ્માર

### માર્ગ-મકાન વિભાગ દ્વારા મરામત જરૂરી

વીજપડી, તા. ૧૪

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ રસ્તા અત્યંત ખરાબ હાલતમાં જોવા મળી રહ્યા છે. ગાધકડા વિજપડી રોડની હાલત બહુ ખરાબ હાલતમાં હોય તેમજ હમણાં તહેવારો શરૂ થયેલ હોય ત્યારે દિવાળી આવી રહી છે ત્યારે નાના મોટા વાહનોની વધારે પ્રમાણમાં અવર જવર થતી હોય આવી પરિસ્થિતિમાં અકસ્માત થવાની ભીતી રહેતી હોય છે અને અકસ્માત વધારે પ્રમાણમાં થતા હોય છે તો તાત્કાલિક પરિસ્થિતિમાં સુધારો થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે. આ રોડ ગેરંટી



પીરીયડમાં હોય અને રિપેર થાય તેવું લોકોની લાગણી હોય તો રાહદારીઓ વિચારી રહ્યા છે કે કયારે આ માર્ગ રિપેર થાશે? તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

મકાન વેચવાનું છે
૪- બેડરૂમ, હોલ, કીચન, ફિકસફર્નીચર, કાર પાર્કિંગ, ફળીયું, કલર-પી.ઓ.પી. કરેલ, એક વસા જગ્યામાં, સંપૂર્ણ સગવડતાવાળુ બંગલા ટાઈટલનું મકાન વેચવાનું છે.
ચિતલ રોડ, તપોવન પાર્ક
સંપર્ક : ૮૨૦૦૯ ૩૮૯૨૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૂપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધઃ બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફક્ત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઇ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
GO BIG GO XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### બેન્કીંગ આઈટી શેરોમાં મોટો ઉછાળો જોવા મળ્યો

# સપ્તાહનો પહેલો દિવસ શેર બજારને ફળ્યો, રોકાણકારો ૧.૫૦ લાખ કરોડ કમાયા

## સેન્સેક્સ ૫૯૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૯૭૩ પોઈન્ટ પર બંધ થયો હતો : નિફ્ટી ૧૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫,૧૨૭ પોઈન્ટ પર બંધ

મુંબઈ, તા.૧૪

સપ્તાહનું પ્રથમ ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે ખૂબ જ શુભ રહ્યું છે. આજના સેશનમાં સેન્સેક્સ ૮૨૦૦૦ અને નિફ્ટી ૨૫૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. આજના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તેજી જોવા મળી. બજાર બંધ થતાં મ્જીઈ સેન્સેક્સ ૫૯૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૯૭૩ પોઈન્ટ પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫,૧૨૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો.

સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેર ઉછાળા સાથે અને ૧૦ નુકસાન સાથે બંધ થયા હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૪ વધ્યા અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. વધતા શેરોમાં ટેક મહિન્દ્રા ૨.૯૩ ટકા, એચડીએફસી બેંક ૨.૨૯ ટકા, એલએન્ડટી ૧.૮૯ ટકા, આઈટીસી ૧.૭૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૬૩ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૧.૫૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. ઘટતા શેરોમાં મારુતિ સુઝુકી ૧.૮૧ ટકા, ટાટા સ્ટીલ ૧.૪૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૭ ટકા, નેસ્લે ૦.૩૯ ટકા, એક્સિસ બેંક ૦.૩૬ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે.

આજના કારોબારમાં બેન્કીંગ આઈટી શેરોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટીનો બેંકિંગ ઈન્ડેક્સ ૧.૨૬ ટકા અથવા ૬૪૪ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૫૩૭ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય ફાર્મા, એફએમસીજી, ઈન્ફ્રા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર અને ઓટો સેક્ટરના શેરમાં તેજી જોવા મળી હતી. ઘટતા શેરોમાં મેટલ્સ, મીડિયા અને કોમોડિટીઝનો સમાવેશ થાય છે. આજના કારોબારમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ જોરદાર ઉછાળા સાથે બંધ થયા છે. શેરબજારમાં આવેલી તેજીને કારણે લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ ઉછાળા સાથે બંધ થયું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૩.૭૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૬૨.૨૭ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે બજારમાં તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં ૧.૪૯ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૩૯૩૩ સ્ક્રિપ્સ પૈકી ૧૯૫૭ સુધારા તરફી અને ૧૮૦૧ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહી હતી. ૨૦૫ શેર્સ વર્ષની નવી ટોચે અને ૨૧ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. ૩૧૬ શેર્સમાં અપર સર્કિટ અને ૧૬૮ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં વિદેશી રોકાણકારોએ મોટાપાયે વેચવાલી નોંધાવી હોવા છતાં તેની અસર હવે બજાર પર જોવા મળી રહી નથી. જેની પાછળનું કારણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII)ની મજબૂત ખરીદી છે. રોકાણકારો હવે જારી થનારા કોર્પોરેટ ત્રિમાસિક પરિણામો અંગે સકારાત્મક વલણ ધરાવી રહ્યા છે. એફઆઈઆઈએ આ મહિને અત્યારસુધીમાં કુલ રૂ. ૫૮૩૯૪.૫૬ કરોડની નેટ વેચવાલી નોંધાવી છે, જેની સામે ડીઆઈઆઈએ રૂ. ૫૭૭૯૨.૨૦ કરોડની મજબૂત લેવાલીનો ટેકો કર્યો છે.

### હરિયાણામાં પરાજય બાદ કોંગ્રેસમાં ખળભળાટ

# ગુજરાતનાં નેતાએ પદ છોડ્યું, કહ્યું- અન્ય કોઈને સોંપો જવાબદારી

## હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ દીપક બાબરિયાનું રાજ્ય પ્રભારી પદ પરથી રાજીનામું

નવી દિલ્હી, તા.૧૪

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની હાર બાદ દીપક બાબરિયાએ રાજ્ય પ્રભારી પદ પરથી રાજીનામું આપ્યું છે. દીપક બાબરિયાએ રાહુલ ગાંધીને કહ્યું હતું કે, તમે હવે અન્ય કોઈને હરિયાણાના પ્રભારી બનાવો, મને કોઈ વાંધો નથી. દીપક બાબરિયાએ જણાવ્યું હતું કે, હરિયાણા વિધાનસભા ચૂંટણી વચ્ચે તેમની તબિયત અચાનક બગડી હતી. તેમજ ઘાઉ પણ બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. તેમને ન્યૂરો સંબંધિત અમુક સમસ્યાઓ પણ સર્જાઈ છે. તેમનુ મગજ શરીરના અમુક અંગો સુધી સંદેશો પહોંચાડી રહ્યો નથી. તેમને હોસ્પિટલમાં પણ દાખલ કર્યા હતા. હાલ તબિયત સારી છે, પરંતુ ગમે-ત્યારે બગડી શકે છે.

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે જ્યારે ટિકિટ ફાળવણી થઈ રહી હતી, તે દરમિયાન દીપક બાબરિયાનુ બ્લડ પ્રેશર અચાનક વધી જતાં તેમને દિલ્હી AIIMS માં દાખલ કરવામાં આવ્યા હતા.ભુપેન્દ્રસિંહ હુડ્ડા જૂથના દીપક બાબરિયા પર અવારનવાર આરોપો લાગ્યા હતા કે, તે પ્રભારી તરીકેની જવાબદારી યોગ્ય રીતે નિભાવી રહ્યા નથી. તેઓ માત્ર પક્ષપાત કરે છે. અન્ય નેતાઓએ પણ આરોપ મૂક્યો હતો કે, દીપક બાબરિયા શૈલજા કુમારી અને રણદીપ સુરજેવાલાના નેતાઓની વાત સાંભળતા નથી. તે માત્ર ભુપેન્દ્રસિંહ હુડ્ડા અને તેમના નેતાઓ પર જ ધ્યાન આપે છે.હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ કોંગ્રેસ માટે અપેક્ષા મુજબ આવ્યા ન હતા. હરિયાણાની કુલ ૯૦ બેઠકોમાંથી કોંગ્રેસ માંડ ૩૭ બેઠકો જીતી શકી હતી, જ્યારે તેને ૬૦થી વધુ બેઠકો પર જીતની અપેક્ષા હતી. ભાજપે સૌથી વધુ ૪૮ બેઠકો પર જીત હાંસલ કરી હતી. અભય ચૌટાલાની INLDના ખાતામાં ૨ બેઠકો અને સાવિત્રી જિંદલ સહિત ૩ અપક્ષ નેતાઓ જીત્યા હતાં.

### AAP સરકારે માર્ગદર્શિકા જાહેર કરી

# દિવાળી પર ફટાકડા નહીં ફોડી શકે દિલ્હીવાસીઓ

## આતિશી સરકારે આજથી ૧ જાન્યુઆરી સુધી ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ લાદ્યો

નવી દિલ્હી,તા.૧૪

દેશની રાજધાનીમાં વધી રહેલા પ્રદૂષણને જોતા દિલ્હીની AAP સરકારે આજે સોમવારે મોટો નિર્ણય લીધો છે. શિયાળામાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને આતિશી સરકારે આજથી એટલે કે સોમવારથી ૧ જાન્યુઆરી સુધી ફટાકડાના ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ લાદી દીધો છે. જે અંગે સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડીને માહિતી આપવામાં આવી છે. સરકારે તમામ દિલ્હીવાસીઓને સહયોગની વિનંતી કરી છે.

રાજધાની દિલ્હીમાં પ્રદૂષણની સ્થિતિ શિયાળાની શરૂઆત પહેલા જ ગંભીર બની રહી છે. દશેરા પછી NCRમાં પ્રદૂષણનું સ્તર વધ્યું, દિલ્હી અને NCRના મોટા ભાગના પ્રમુખ શહેરોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૨૦૦ને વટાવી ગયો. જેના કારણે હવાની ગુણવત્તા ખરાબ શ્રેણીમાં પહોંચી ગઈ છે.

કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM)ની પેટા સમિતિની બેઠકમાં પ્રદૂષણની વર્તમાન પરિસ્થિતિ અને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP)ના અમલીકરણ માટેના વિકલ્પોની ચર્ચા કરવામાં આવી હતી. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે, જો પ્રદૂષણના સ્તરમાં સુધારો નહીં થાય તો એક-બે દિવસમાં ગ્રેપના પ્રથમ તબક્કાનું પ્રતિબંધ લાગુ કરવામાં આવશે.

દિલ્હી સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે રાજધાનીના લોકોને કડક ચેતવણી આપતા કહ્યું કે, જે લોકો બાંધકામ અથવા અન્ય કોઈ માધ્યમથી ધૂળનું પ્રદૂષણ ફેલાવી રહ્યા છે તેમની સામેની ઝુંબેશ સોમવારથી તેજ કરવામાં આવશે. કોઈને પણ છૂટ આપવામાં આવશે નહીં અને જે કોઈ નિયમોનું ઉલ્લંઘન કરશે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ધૂળ વિરોધી અભિયાન હેઠળ આવા લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.આ સાથે ગોપાલ રાયે કહ્યું કે, ‘‘પ્રદૂષણ રોકવા માટે આપણે સાથે મળીને કામ કરવું પડશે.’’ તેમણે ધૂળ, વાહનો, કચરો સળગાવવા વગેરે અને અન્ય પ્રકારના પ્રદૂષણ વિશે માહિતી મળતાં દિલ્હી ગ્રીન એપ પર ફરિયાદ નોંધાવવાની અપીલ કરી હતી. આ એપ પર ફોટા પણ ઉમેરી શકો છો.

દિલ્હી સરકારના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે રવિવારે કહ્યું હતું કે, રાજધાનીમાં દશેરાનો તહેવાર હોવા છતાં, લોકો સ્વચ્છ હવામાં શ્વાસ લઈ રહ્યા છે અને સારી, સંતોષકારક અને મધ્યમ હવાની ગુણવત્તાવાળા દિવસોની સંખ્યા વધી રહી છે, જે પ્રદૂષણ વ્યવસ્થાપનમાં સુધારાની નિશાની છે.

### શહેરમાં પ્રાથમિક સુવિધાના અભાવે લોકોમાં આક્રોશ

# રાજ્ય સરકારના વિકાસ સપ્તાહના કાર્યક્રમમાં સ્થાનિકોએ હોબાળો મચાવ્યો

## સુરેન્દ્રનગરમાં પ્રવાસન મંત્રી મૂળુ બેરાના સંબોધન દરમિયાન લોકોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો

સુરેન્દ્રનગર , તા.૧૪

સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાના પાણીને લઈ ભારે લોકોને હાલાકી પડી રહે છે. જેને લઈને રાજ્ય સરકારના વિકાસ સપ્તાહના કાર્યક્રમમાં સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો. શહેરના ટાઉનહોલ ખાતે પ્રવાસન મંત્રી મૂળુ બેરાના સંબોધન દરમિયાન લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. મળતી માહિતી અનસુરા, સુરેન્દ્રનગર જિલ્લામાં પીવાનું પાણી અને પ્રાથમિક સુવિધાઓના અભાવના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જેને લઈને શહેરના ટાઉનહોલ ખાતે રાજ્ય સરકારના વિકાસ સપ્તાહના કાર્યક્રમમાં સ્થાનિકોએ હોબાળો મચાવ્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ લગાવ્યો હતો કે, અનેક વખત રજૂઆત કરવા છતાં પણ રજૂઆત યોગ્ય રીતે સાંભળવામાં આવતી ના હોવાનો આક્ષેપો કર્યો હતા. વિકાસ સપ્તાહના કાર્યકમમાં આશાવર્કર બહેનો, ITI અને ડિપ્લોમા કોલેજના વિદ્યાર્થીઓને બોલાવ્યા હોવાનો પણ આક્ષેપ લગાવ્યા હતા. આ પ્રવાસન મંત્રી મૂળુ બેરાના સંબોધન દરમિયાન હોબાળો મચતા સ્થાનિક આગેવાન અમૃત મકવાણાને પોલીસે કાર્યકમમાંથી બહાર કાઢ્યા હતા.

### સીએમ બન્યા પછી લીધી શુભેચ્છા મુલાકાત

# દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી પીએમ મોદીને મળ્યા

## વડાપ્રધાન કાર્યાલય વતી તસવીર શેર કરીને બંને નેતાઓની મુલાકાતની માહિતી આપવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હીના મુખ્યમંત્રી આતિશી સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. મળતી માહિતી મુજબ આ બંને નેતાઓ વચ્ચે સૌજન્ય મુલાકાત હતી. દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી પહેલીવાર પીએમ મોદીને મળ્યા છે. વડાપ્રધાન કાર્યાલય વતી તસવીર શેર કરીને બંને નેતાઓની મુલાકાતની માહિતી આપવામાં આવી હતી. દિલ્હી સરકારે હજુ સુધી જણાવ્યું નથી કે આતિશીએ વડાપ્રધાન સાથે શું વાતચીત કરી હતી.ઉલ્લેખનીય છે કે કથિત દારૂ કૌભાંડમાં ઘણા મહિનાઓ સુધી જેલમાંથી બહાર આવ્યા બાદ અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. તેમની જગ્યાએ આતિશીને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. આ પહેલા આતિશી ઉપપ્રમુખ જગદીપ ધનખરને પણ મળ્યા હતા. મુખ્યમંત્રી બનતા પહેલા આતિશી કેજરીવાલ સરકારમાં મંત્રી હતા. મનીષ સિસોદિયાના રાજીનામા બાદ કેજરીવાલે તેમને મંત્રી બનાવ્યા અને મોટાભાગના વિભાગોની જવાબદારી આપી. જ્યારે કેજરીવાલ કથિત દારૂ કૌભાંડમાં જેલમાં ગયા ત્યારે તેમણે સરકાર અને સંગઠનના મોરચે ઘણી સક્રિયતા દેખાડી અને બાદમાં તેમને તેનું ઈનામ પણ મળ્યું.

### નવાજુનીના એંધાણ

# હરિયાણામાં સૈનીની શપથવિધિ પૂર્વે જેપી નડ્ડા સાથે અનિલ વિજની મુલાકાત

## નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે શપથ લેશે : હવે ચર્ચા એ છે કે અનિલ વિજ તેમની સાથે શપથ લેશે કે નહીં

નવી દિલ્હી,તા.૧૪

અંબાલા કેન્ટ બેઠક પરથી સતત ૭મી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હરિયાણા ભાજપના વરિષ્ઠ નેતા અનિલ વિજે જેપી નડ્ડા સાથે મુલાકાત કરી છે. તેઓ રવિવારે પાર્ટી ચીફને મળવા દિલ્હી પહોંચ્યા હતા. હરિયાણામાં વરિષ્ઠ મંત્રી અનિલ વિજની જેપી નડ્ડા સાથેની મુલાકાતની પણ ચર્ચામાં છે.હાલમાં નવી સરકારમાં તેમને કયું મંત્રાલય મળી શકે છે તે અંગે અટકળો ચાલી રહી છે. તેઓ મનોહર લાલ ખટ્ટરની સરકારમાં ગૃહ પ્રધાન હતા, પરંતુ નાયબ સિંહ સૈનીને કમાન મળ્યા બાદ તેમણે શપથ લીધા ન હતા. તેઓ માત્ર ધારાસભ્ય તરીકે કામ કરતા હતા. આ વખતે ફરી તેઓ અંબાલાથી જીત્યા છે. આ જીત બાદ તેમના ફરી કેબિનેટમાં સામેલ થવાની વાતો ચાલી રહી છે.નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે કેટલાક મંત્રીઓ સાથે શપથ લેશે. હવે ચર્ચા એ છે કે અનિલ વિજ ૧૭ ઓક્ટોબરે તેમની સાથે શપથ લેશે કે નહીં. વાસ્તવમાં અનિલ વિજે હરિયાણા ચૂંટણીના પરિણામો પહેલા સીએમ પદનો દાવો કર્યો હતો. તેમણે કહ્યું કે તેઓ વરિષ્ઠ નેતા છે અને મુખ્યમંત્રી પદ માટે યોગ્ય છે. આવી સ્થિતિમાં તેઓ નાયબ સૈની સરકારમાં મંત્રી તરીકે શપથ લેશે કે નહીં? આ અંગે ભાજપમાં આંતરિક ચર્ચાઓ તેજ છે.જોકે, દાવો કર્યા બાદ અનિલ વિજે એમ પણ કહ્યું કે આ મારો મત નથી પરંતુ તેમના સમર્થકોનો અભિપ્રાય છે.

સ્પષ્ટતા આપતા તેમણે કહ્યું હતું કે જ્યારે મનોહર લાલ ખટ્ટરની જગ્યાએ નાયબ સિંહ સૈનીને સીએમ બનાવવામાં આવ્યા હતા, ત્યારે મારા સમર્થકોનો મત હતો કે હું પણ તેના માટે યોગ્ય પસંદગી હતો. પછી જ્યારે હું કંઈ બોલ્યો નહીં તો લોકો કહેવા લાગ્યા કે અનિલ વિજ પોતે સીએમ બનવા નથી માંગતા. તેથી જ આ મુદ્દા પર વાત કરતી વખતે મેં કહ્યું કે હું પણ મુખ્યમંત્રી બની શકું છું. મારા સમર્થકોની મૂંઝવણ દૂર કરવા માટે મેં આવું કહ્યું હતું.મહત્વનું છે કે અનિલ વિજની ગણતરી હરિયાણા ભાજપના ફાયર બ્રાન્ડ નેતાઓમાં થાય છે. જ્યારે રાજ્યમાં પાર્ટી નબળી હતી અને ત્રીજા કે ચોથા નંબરની પાર્ટી હતી ત્યારથી તેઓ ભાજપના ધારાસભ્ય છે. આ ચૂંટણીમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે અને તે સતત ત્રીજી વખત રાજ્યમાં સત્તા પર આવી છે.

# કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો

નવી દિલ્હી, તા.૧૪, કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ જૂથ)ના ચીફ ચિરાગ પાસવાનની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેમને CRPFની Z કેટેગરીની સુરક્ષા આપી છે. આ પહેલા ચિરાગની સુરક્ષામાં SSB કમાન્ડો તેહનાત હતા. હકીકતમાં IBના ધમકીના અહેવાલ બાદ તેમની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે Z કેટેગરી હેઠળ ચિરાગ પાસવાનની સુરક્ષામાં કુલ ૩૩ સુરક્ષા ગાર્ડ તેહનાત રહેશે. આ સાથે જ ૧૦ સશસ્ત્ર ગાર્ડ તેમના નિવાસ સ્થાન પર તેહનાત રહેશે. આ ઉપરાંત ૬ રાઉન્ડ ધ ક્લોક પીએસઓ, ત્રણ શિફ્ટમાં આર્મ્ડ સ્કોર્ટના ૧૨ કમાન્ડો, વોચર્સ શિફ્ટમાં ૨ કમાન્ડો અને ૩ ટ્રેન્ડ ડ્રાઈવરો ચોવીસ કલાક હાજર રહેશે.તમને જણાવી દઈએ કે, વડાપ્રધાન મોદીના ત્રીજા કાર્યકાળમાં ચિરાગ પાસવાન કેન્દ્રીય મંત્રીની જવાબદારી સંભાળી રહ્યા છે. તેમની પાર્ટી ૨૦૧૪થી મોદી સરકારનો હિસ્સો છે, પરંતુ નરેન્દ્ર મોદીના બે કાર્યકાળમાં તેમને કોઈ મોટી જવાબદારી આપવામાં નહોતી આવી. પોતાને મોદીના હનુમાન ગણાવતા ચિરાગ પાસવાન સતત પોતાની પાર્ટીના વિસ્તરણ પર કામ કરી રહ્યા છે. થોડા સમય પહેલા IBએ ચિરાગને લઈને કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ધમકીનો રિપોર્ટ સોંપ્યો હતો, તેને ધ્યાનમાં રાખી હવે તેમની સુરક્ષા વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### ભારતના પડોશી દેશોમાં વધ્યો તણાવ

# ચીને ૨૫ લડાકૂ વિમાન અને સાત યુદ્ધ જહાજ ઉતારી કર્યું શક્તિ પ્રદર્શન

## તાઈવાનના પ્રમુખના ભાષણ બાદ ચીનની નારાજગી વધી તાઈવાનના સમર્થનમાં અમેરિકા સહિત અન્ય પશ્ચિમી દેશ

બેજિંગ, તા.૧૪

ચીન અને તાઈવાન વચ્ચે તણાવ નવો નથી, પરંતુ તાજેતરના દિવસોમાં આ તણાવ ફરી વધી ગયો છે. ચીને તાઈવાન નજીક સૈન્ય અભ્યાસ શરુ કર્યો છે, જેમાં યુદ્ધ જહાજો અને લડાકૂ વિમાન સામેલ છે. આ યુદ્ધ અભ્યાસનું નામ ’જોઈન્ટ સ્વોર્ડ-૨૦૨૪ બી’ નામ આપવામાં આવ્યું છે, જેનો હેતુ તાઈવાન પર દબાણ લાવવાનો અને પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન કરવાનો છે. જો કે ચીન તેને તેની સંયુક્ત કામગીરી ક્ષમતાનું પરીક્ષણ ગણાવી રહ્યું છે, પરંતુ હકીકતમાં તાઈવાનને ડરાવવા અને તેના સ્વતંત્રતા સમર્થક વિચારોને દબાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે.તાઈવાનના પ્રમુખ વિલિયમ લાઈ ચિંગના તાજેતરના ભાષણ બાદ ચીનની નારાજગી વધી ગઈ છે. પ્રમુખ લાઈએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, તાઈવાન અને ચીન અલગ છે. ચીનને તાઈવાનનું પ્રતિનિધિત્વ કરવાનો કોઈ અધિકાર નથી. આ નિવેદન ચીન માટે એક પડકાર સમાન હતું, જે તાઈવાનને પોતાનો હિસ્સો માને છે. તેના જવાબમાં ચીને તાત્કાલિક પોતાની સેના પીપુલ્સ લેબરેશન આર્મી (ન્છ)ને એક્ટિવ કરી દીધી અને તાઈવાનની ચારેય બાજુ નાકાબંધી જેવો માહોલ બનાવી દીધો.ચીની દ્વારા આયોજિત ’જોઈન્ટ સ્વોર્ડ-૨૦૨૪ બી’ સૈન્ય અભ્યાસમાં ૨૫ લડાકૂ વિમાન, ૭ યુદ્ધ જહાજ અને ચાર અન્ય જહાજો તાઈવાનની આસપાસ જોવા મળ્યા છે. આમાંથી કેટલાક વિમાનોએ તાઈવાનની મધ્ય રેખાને ઓળંગીને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. ચીનનું આ સૈન્ય પ્રદર્શન તાઈવાનને ડરાવવાનો વધુ એક પ્રયાસ છે, કારણ કે તાઈવાન પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્ર માને છે અને ચીનના કોઈપણ દાવાને નકારે છે.અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોના તાઈવાનને સમર્થનથી ચીન વધુ આક્રમક બની ગયું છે. તાઈવાન પ્રત્યે ચીનની આક્રમક નીતિનું આ વધુ એક ઉદાહરણ છે. જેના કારણે ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિ માટે ખતરો ઉત્પન્ન થઈ રહ્યો છે. તાઈવાન ચીનના દબાણ છતાં પોતાની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ઓળખ માટે અડગ છે અને આંતરરાષ્ટ્રીય સમર્થનને કારણે તેની સ્થિતિ મજબૂત બની છે.

# ચૂંટણીના આયોજન વચ્ચે ૨૦ જગ્યા ઉપર ઈડીની ટીમ ત્રાટકી

રાંચી, તા.૧૪

ઝારખંડમાં ગમે ત્યારે ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની તૈયારીમાં છે ત્યાં ઈડીએ પણ ઠેક ઠેકાણે દરોડાઓની શરૂઆત કરી દીધી છે. તાજેતરનો મામલો ઝારખંડના કદાવર મંત્રી સાથે જ સંકળાયેલો છે જેમના ૨૦ જેટલાં ઠેકાણે તપાસ ટીમ ત્રાટકી હતી. મળતી માહિતી અનુસાર જળ જીવન મિશન સંબંધિત યોજનાઓમાં ગેરરીતિઓના આરોપો હેઠળ ઈડી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઈડીએ મંત્રી મિથિલેશ ઠાકુરના ભાઈ વિનય કુમાર, ખાનગી સચિવ હરેન્દ્ર સિંહ સહિત અનેક વિભાગીય એન્જિનિયર્સના ઠેકાણે દરોડા પાડ્યા હતા. બીજી બાજુ એક સિનિયર આઈએએસની બહેનના ઘરે પણ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગત દિવસોમાં હઝારીબાગ ખાતે એક સભામાં પીએમ મોદીએ આ મુદ્દાને ઊઠાવ્યો હતો. તેમણે રાજ્ય સરકાર પર આરોપ મૂક્યો હતો કે કેન્દ્ર સરકારની યોજનાઓમાં પણ કૌભાંડ આચરવામાં આવી રહ્યા છે.

### ઉદ્ધવ ઠાકરે હોસ્પિટલમાં સારવાર હેઠળ

# મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની તબિયત લથડી

## મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં ઠાકરેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હોવાનું હાલમાં કહેવામાં આવી રહ્યું છે

મુંબઈ, તા.૧૪

શિવસેના પ્રમુખ અને મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની તબિયત બગડતાં તેમને મુંબઈની રિલાયન્સ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની સાથે તેમની પત્ની રશ્મિ ઠાકરે પણ હાજર હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર ઉદ્ધવ ઠાકરે વધુ એક દિવસ હોસ્પિટલમાં દાખલ રહેશે. તેમને મંગળવારે સાંજે અથવા તેના બીજા દિવસે રજા આપી શકાય છે. એન્જીયોપ્લાસ્ટી બાદ ઉદ્ધવ ઠાકરેની તબિયત સારી હોવાનું કહેવાય છે.ડોક્ટરોની ટીમનું કહેવું છે કે ચિંતા કરવાની કોઈ વાત નથી. ઉદ્ધવ ઠાકરે જલ્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફરશે. આવી સ્થિતિમાં તેમના સમર્થકોનું કહેવું છે કે સારવાર બાદ તેઓ મહારાષ્ટ્ર ચૂંટણીમાં પ્રચાર શરૂ કરશે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ વર્ષ ૨૦૧૪માં ઉદ્ધવ ઠાકરેને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ઉદ્ધવ ઠાકરેની એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. જ્યારે ડોકટરોએ તેના હૃદયની ત્રણ મુખ્ય ધમનીઓમાં બ્લોકેજ દૂર કરવા માટે ૮ સ્ટેન્ટ નાખ્યા હતા

### હરિયાણા ચૂંટણી અંગે સત્યપાલ મલિકનું મોટું નિવેદન

# નિષ્પક્ષ ચૂંટણીઓ માટે EVM ને હટાવવું એ એકમાત્ર વિકલ્પ

## કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ મલિકે કહ્યું કે આજની સ્થિતિ જોઇને લાગે છે કે EVM પરથી ભરોસો ઉઠવા માંડ્યો છે

નવી દિલ્હી, તા.૧૪

ઘણાં લાંબા સમયથી વિપક્ષ ઈફસ્મની જગ્યાએ બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ કરી રહ્યું છે. હરિયાણા વિધાનસભાની ચૂંટણી બાદ કોંગ્રેસે ફરી એકવાર ચૂંટણી પંચ અને ઈફસ્ની વિશ્વસનીયતાને લઈને સવાલ ઉઠાવ્યા છે. આ અંગે હવે જમ્મુ કાશ્મીરના ભૂતપૂર્વ રાજ્યપાલ સત્યપાલ મલિકે પણ ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે આજની સ્થિતિ જોઇને લાગે છે કે EVM પરથી ભરોસો ઉઠવા માંડ્યો છે. સત્યપાલ મલિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે, ’તાજેતરમાં હરિયાણામાં યોજાયેલી ચૂંટણીમાં પોસ્ટલ બેલેટ પેપરમાં કોંગ્રેસ ૭૬-૧૬થી આગળ ચાલી રહી હતી, પરંતુ જેવા જ ઈફસ્ની મત ગણતરી ચાલુ થઈ તેમાં ધીરે ધીરે કોંગ્રેસ સત્તામાંથી બહાર થઈ ગઈ અને ભાજપ સત્તા પર આવી ગઈ હતી. પ્રારંભિક વલણો અને એક્ઝિટ પોલમાં કોંગ્રેસની જીત દર્શાવવામાં આવી રહી હતી. પરંતુ પરિણામ તેનાથી વિપરીત આવ્યું. વર્તમાન પરિસ્થિતિમાં ચૂંટણી પંચ અને ઈવીએમ પરથી વિશ્વાસ ઉઠવા લાગ્યો હોય તેવું થઈ ગયું છે. ઈફસ્નો ખેલ છેલ્લે ક્યાં સુધી ચાલશે? આજે તો છૈંનો યુગ છે. જો નિષ્પક્ષ ચૂંટણીઓ જોઈતી હોય તો ઈફસ્ને હટાવવું એજ એકમાત્ર વિકલ્પ છે. એક ઈન્ટરવ્યૂ આપતા કોંગ્રેસ પર મલિકે જણાવ્યું હતું કે, હરિયાણાની ચૂંટણીનું પરિણામ જે આશા હતી તેનાથી વિપરીત આવ્યું છે. કોંગ્રેસમાં એકતા નથી. કોંગ્રેસના કાર્યકર્તાઓ વધુ મહેનત નથી કરતા. જ્યારે ભાજપના કાર્યકર્તાઓ ૨૪ કલાક રાજકારણ કરતા હોય છે. તેમની સામે કોંગ્રેસની મહેનત કઈ જ નથી. જો કે હરિયાણાના થયેલી હાર માટે રાહુલ ગાંધી જવાબદાર નથી.’

### ગુજરાત પોલીસ દ્વારા એક નવું અભિયાન શરૂ

# ભાડૂઆતોએ ફરજિયાત નોંધણી કરાવવી પડશે, પોલીસે શરૂ કરી નોંધણી ઝુંબેશ

**પોલીસ સ્ટેશનમાં ભાડુઆતની નોંધણી કરાવવી ફરજિયાત છે, જે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ દ્વારા ઘરે બેઠાં બેઠાં સરળતાથી ઓનલાઈન થઈ શકે છે**

અમદાવાદ,તા.૧૪

ગુજરાત પોલીસ દ્વારા એક નવું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. મકાનો ભાડે આપનારા મકાનમાલિકો માટે મહત્વના સમાચાર છે. ભાડૂતોએ હવે ફરજિયાત નોંધણી કરાવવી પડશે. જેના માટે ૨૭મી ઓક્ટોબર સુધી ભાડુઆત નોંધણી માટે ઝુંબેશ ચલાવવામાં આવશે. તેના માટે કોઈપણ વ્યક્તિ ઘરે બેઠા સરળતાથી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ગુજરાત પોલીસે ટ્વિટ કરીને આ જાણકારી આપી છે.૧૩ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન સમગ્ર રાજ્યમાં ભાડૂત નોંધણી અંગે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. પોલીસ સ્ટેશનમાં ભાડુઆતની નોંધણી કરાવવી ફરજિયાત છે, જે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ દ્વારા ઘરે બેઠાં બેઠાં સરળતાથી ઓનલાઈન થઈ શકે છે.ગુજરાત પોલીસે ટ્વીટ કર્યું છે કે ૧૩ થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ દરમિયાન રાજ્યભરમાં ભાડુઆતની નોંધણી અંગે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. ભાડુઆતની નોંધણી પોલીસ સ્ટેશનમાં કરાવવી ફરજીયાત છે. જે ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ દ્વારા ઘરે બેઠા સરળતાથી ઓનલાઈન કરી શકાશે.૧૩થી ૨૭ ઓક્ટોબર ૨૦૨૪ સુધી ભાડુઆતોની નોંધણી માટે ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ફરજિયાત છે અને ગુજરાત સિટીઝન ફર્સ્ટ એપ દ્વારા સરળતાથી ઓનલાઈન કરી શકાય છે. પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી આ વિશેષ ઝુંબેશનો હેતુ સહકારી રીતે ભાડૂતોની નોંધણીનું પાલન સુનિશ્ચિત કરવાનો છે. તરત જ નોંધણી કરો.આ ઉપરાંત ટ્વીટમાં ફરી કહેવામાં આવ્યું છે કે ગુજરાત પોલીસના આ વિશેષ અભિયાનનો હેતુ ભાડૂઆત નોંધણીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનો અને દરેકને સુરક્ષિત રાખવાનો છે. પોલીસને સહકાર આપો, બને તેટલી વહેલી તકે ભાડુઆતની નોંધણી કરો.

### ચૂંટણી પૂર્વે શિંદે સરકારની મોટી જાહેરાત

# મુંબઈમાં કુલ ૫ પ્રવેશ માર્ગો છે જેના પર ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે : આના પર કોઈ ટોલ નહીં લાગે

મહારાષ્ટ્ર,તા.૧૪

મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા વધુ એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં આ અઠવાડિયે ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. આવી સ્થિતિમાં સીએમ એકનાથ શિંદે અને તેમના સહયોગી જનતાને આકર્ષે તેવા નિર્ણય લેવામાં વ્યસ્ત છે. દરમિયાન, સોમવારે રાજ્ય કેબિનેટે મુંબઈમાં પ્રવેશ પર લાદવામાં આવતા તમામ ટોલ ટેક્સ નાબૂદ કરી દીધા છે. મુંબઈમાં કુલ ૫ પ્રવેશ માર્ગો છે જેના પર ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે. આજે રાત્રે ૧૨ વાગ્યાથી આના પર કોઈ ટોલ નહીં લાગે. આ નિર્ણય નાના વાહનો એટલે કે બાઈક, કાર વગેરે માટે છે. કોમર્શિયલ વાહનો પર પહેલાની જેમ જ ટેક્સ લાગતો રહેશે.



રાજ્ય સરકારના આ નિર્ણયથી લાખો લોકોને ફાયદો થવાની આશા છે. આવી સ્થિતિમાં તેને ચૂંટણી પહેલા માસ્ટરસ્ટ્રોક તરીકે જોવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સરકારની તરફેણમાં વાતાવરણ સર્જાઈ શકે છે. સીએમ એકનાથ શિંદે પોતે થાણેથી ધારાસભ્ય છે. સીએમ બનતા પહેલા તેમણે મુંબઈમાં પ્રવેશ પર લગાવવામાં આવેલા ટોલનો અનેકવાર વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્ર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા ૫૫ ફ્લાયઓવર માટે ૪૫ રૂપિયાનો ટોલ ટેક્સ લેવામાં આવે છે. તેઓ ૧૯૯૫ અને ૧૯૯૯ ની વચ્ચે બનાવવામાં આવ્યા હતા.

આ ટોલ ટેક્સ કુલ ૫ સ્થળોએ વસૂલવામાં આવે છે. હવે અહીં સામાન્ય વપરાશકારો પર ટોલ ટેક્સ નહીં લાગે. મુલુંડ ચેક નાકા, મુલુંડ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ઐરોલી નાકા, દહિસર અને માનખુર્દ નાકા પર ટોલ વસૂલવામાં આવ્યો છે. રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઈચ્છતું હતું કે આ ટોલ ચાલુ રહે જેથી થાણે ક્રીક બ્રિજના બાંધકામનો ખર્ચ વસૂલ કરી શકાય, પરંતુ સરકારે તાત્કાલિક અસરથી ટોલ નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. મહત્વનું છે કે રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દ્વારા પણ આ અંગે હિલચાલ કરવામાં આવી છે. MNSનું કહેવું છે કે ટોલ ખતમ થવો જોઈએ.

MNS કહી રહી છે કે તેમની પાસેથી રસ્તા અને ફ્લાયઓવરના નિર્માણના ખર્ચ જેટલી રકમ વસૂલ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયની ભાજપના પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ વખાણ કર્યા છે. તેમનું કહેવું છે કે હું આ નિર્ણયનું સ્વાગત કરું છું.

ઉલ્લેખનીય છે કે સીએમ શિંદે પોતે થાણેથી આવે છે અને તેઓ કહે છે કે આ કામ માટે દરરોજ મુંબઈ આવતા હજારો લોકો સાથે અન્યાય છે. આવી સ્થિતિમાં મુંબઈમાં પ્રવેશવું તેમના માટે મોંઘુ બની જાય છે

### સરકાર રચવાની તૈયારી

# જમ્મુ કાશ્મીરમાં છ વર્ષ બાદ હટયું રાષ્ટ્રપતિ શાસન

**જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના ગઠબંધનનો વિજય થયો છે**

જમ્મુ કાશ્મીર, તા.૧૪

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે સરકાર રચવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સાથે ઘાટીમાં છ વર્ષથી લાદવામાં આવેલ રાષ્ટ્રપતિ શાસન હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના ગઠબંધનનો વિજય થયો છે. તેણે 49 બેઠકો જીતી છે જ્યારે ભાજપને 29 બેઠકો મળી છે.જમ્મુ-કાશ્મીરમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી 10 વર્ષ પહેલા 2014માં યોજાઈ હતી. ચૂંટણી બાદ ભાજપ અને પીડીપીએ ગઠબંધન કરીને સરકાર બનાવી હતી. પરંતુ 2018માં ભાજપે સમર્થન પાછું ખેંચી લીધા પછી સરકાર પડી ગઈ અને મહેબૂબા મુફ્તીએ સીએમ પદ પરથી રાજીનામું આપ્યું. ત્યારથી જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું, જે હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન 31 ઓક્ટોબર, 2019ના રોજ કલમ 370 અને 35Aને રદ કરવા અને ક્ષેત્રમાં બે કેન્દ્ર શાસિત પ્રદેશો - જમ્મુ કાશ્મીર અને લદાખમાં વિભાજિત કરાયા બાદ લગાવાવમાં આવ્યું હતું.ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવેલી નેશનલ કોન્ફરન્સને અપક્ષ ધારાસભ્યોનું પણ સમર્થન મળવા લાગ્યું છે. હવે જમ્મુની છમ્બ વિધાનસભાથી ચૂંટણી જીતેલા અપક્ષ નેતા સતીશ શર્મા નેશનલ કોન્ફરન્સમાં જોડાયા છે. રવિવારે ડોડામાં એક રેલીને સંબોધતા AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આમ આદમી પાર્ટી એનસીને સરકાર બનાવવામાં સંપૂર્ણ મદદ કરશે.જમ્મુ-કાશ્મીરમાં સરકાર રચવાનો માર્ગ હવે સાફ થઈ ગયો છે. ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની સરકારનો શપથ ગ્રહણ સમારોહ 16 ઓક્ટોબરે શ્રીનગરમાં યોજાઈ શકે છે. જો કે શપથગ્રહણની છેલ્લી તારીખ હજુ સુધી સત્તાવાર જાહેર કરવામાં આવી નથી.ગુરુવારે યોજાયેલી નેશનલ કોન્ફરન્સની બેઠકમાં પાર્ટીએ સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા હતા. પાર્ટી અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પાર્ટીના વિધાયક દળની બેઠક યોજાઈ હતી, જેમાં ઓમર અબ્દુલ્લાને સર્વસંમતિથી પાર્ટીના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેઓ છેલ્લે 2009 થી 2015 સુધી જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી હતા. આ વખતે તેઓ ગાંદરબલ અને બડગામથી વિધાનસભા ચૂંટણી લડ્યા હતા.

### માંડવી અને મુન્દ્રા તાલુકામાં વરસાદી ઝાપટાં વરસ્યા

# અમદાવાદ, અમરેલી અને ગાંધીનગરમાં વરસાદી માહોલ

**ચાલુ વર્ષે નવરાત્રિ દરમિયાન અને નવરાત્રિ બાદ પણ અનેક વિસ્તારોમાં અષાઢી માહોલ જામ્યો**

અમદાવાદ,તા.૧૪

રાજયના વિવિધ વિસ્તારોમાં આસો મહિનામાં પણ અષાઢી માહોલ જામ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં વરસાદ વરસ્યો હતો. રાજયમાં નવરાત્રિ આસપાસ ચોમાસું વિદાય લઈ લેતું હોય છે, પરંતુ ચાલુ વર્ષે નવરાત્રિ દરમિયાન અને નવરાત્રિ બાદ પણ અનેક વિસ્તારોમાં અષાઢી માહોલ જામ્યો હોય એ રીતે વરસાદી આફત વરસી રહી છે. રવિવારે રાજ્યના ૨૯ જિલ્લાના ૧૩૧ તાલુકામાં વરસાદ વરસ્યા બાદ આજે પણ હવામાન વિભાગ દ્વારા ૯ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં જોરદાર વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને જામનગરમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો.જામનગર જિલ્લા અને શહેર વિસ્તારમાં સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. જેથી મુખ્ય માર્ગો પર વરસાદી પાણી વહેતા થયા હતા. બીજી તરફ વરસાદના પગલે શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.માંડવી અને મુન્દ્રા તાલુકામાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા. જેથી માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ભુજ અને નખત્રાણા તાલુકામાં એકથી બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. માંડવી અને મુન્દ્રા તાલુકામાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા. જેથી માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. ઉલ્લેખનીય છે કે,ગઈકાલે ભુજ અને નખત્રાણા તાલુકામાં એકથી બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.અમરેલીના બગસરા પંથકમાં સતત ત્રીજા દિવસે વરસાદ વરસ્યો હતો. સવારથી વાદળછાયું વાતવરણ અને અતિશય બફારા બાદ વરસાદ ખાબક્યો હતો.ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં વરસ્યા હતા. જેથી ખેતીપાકોમાં નુકસાનની ભીતિ જોવા મળી રહી છે.અમદાવાદમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. કાળા ડિબાંગ વાદળો સાથે આકાશ ઘેરાયું હતું અને ધોધમાર વરસાદી ઝાપટું વરસી ગયું હતું. શહેરના એસજી હાઈવે, સરખેજ, હાઈકોર્ટ, શિવરંજની, ઈસ્કોન સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદી ઝાપટું વરસ્યું હતું.આથી રસ્તાઓ પર પાણી વહેતા થઈ ગયા હતા. ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં મધરાત્રિએ વાતાવરણમાં અચાનક પલટો આવતા ધોધમાર વરસાદ વરસ્યો હતો. વીજળીના કડાકા ભડાકા અને ભારે પવન સાથે વરસાદે ધમાકેદાર બેંટીગ કરી હતી. જેને સાથે અંદાજે દોઢ કલાકમાં અડધાથી ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. મહુવા માર્કેટિંગ યાર્ડમાં મગફળી વરસાદી પાણીમાં વહેતી થઈ હતી. જેને પગલે ખેડૂતો દ્વારા વેચાણ અર્થે લાવવામાં આવેલ શીંગ પલળી જવાથી ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકસાની થવા પામી છે.અમરેલી જિલ્લામાં આજે સતત બીજા દિવસે પણ વરસાદી માહોલ છવાયો છે.

સાવરકુંડલામાં આજે બપોરના સમયે ધોધમાર વરસાદ વરસતા રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા.ગાંધીનગરમાં બે દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ગઈકાલે કેટલાક ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. એજ રીતે આજે બપોરે ભાઈજીપુરાથી ગિફ્ટ સિટી તરફના વિસ્તારોમાં ધોધમાર વરસાદી ઝાપટું પડયું હતું. જો કે ગણતરીની મિનિટોમાં જ વરસાદ બંધ પણ થઈ ગયો હતો.રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આજે સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લા ઉપરાંત સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીમાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.રાજ્યમાં જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં ધોધમાર વરસાદ વરસ્યા બાદ ઓક્ટોબરમાં પણ વરસાદી માહોલ છવાયેલો છે. આજદિન સુધીમાં રાજ્યમાં સરેરાશ ૧૪૦ટકા વરસાદ વરસી ચૂક્યો છે. સૌથી વધુ કચ્છ ઝોનમાં ૧૮૭ ટકા, સૌરાષ્ટ્ર ઝોન ૧૫૧ ટકા, દક્ષિણ ગુજરાત ઝોન ૧૪૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાત ઝોન ૧૩૪ ટકા અને ઉત્તર ગુજરાત ઝોન ૧૧૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.

### રિસર્ચમાં થયો મોટો ખુલાસો

# ઋતુ પરિવર્તનને કારણે લોકોના મૂડ અને તેમના નૈતિક મૂલ્યોમાં પણ ફેરફાર થાય છે

**મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ, ઉદારતા, રંગ પસંદગીઓ અને અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત કરી છે**

નવી દિલ્હી, તા.૧૪

નૈતિક મૂલ્યો એ સિદ્ધાંતો છે જે વ્યક્તિની સારા અને ખરાબ, સાચા અને ખોટાની સમજને માર્ગદર્શન આપે છે. તે આપણા પૂર્વગ્રહો, રાજકીય વિચારધારાઓ અને અન્ય ઘણા મહત્વપૂર્ણ વલણો અને ક્રિયાઓને આકાર આપે છે.એવું માનવું લલચામણું છે કે વ્યક્તિના નૈતિક મૂલ્યો સમય અને સંજોગો સાથે સ્થિર રહે છે, અને અમુક હદ સુધી તે સાચું છે. પરંતુ સંપૂર્ણપણે નહીં. નૈતિક મૂલ્યો પરિવર્તનશીલ છે અને કેટલીકવાર વિવિધ પરિસ્થિતિઓમાં ઉદ્ભવતા ચોક્કસ વિચારો, લાગણીઓ અને પ્રેરણાઓના આધારે બદલાઈ શકે છે.ઋતુઓની વિશેષતા માત્ર હવામાનમાં ફેરફાર નથી, પરંતુ આપણી આસપાસના વાતાવરણ અને આપણા જીવનના લયમાં ઘણા વધારાના ફેરફારો પણ છે. આમાં વસંત ઋતુમાં સફાઈ, ઉનાળામાં પરિવાર સાથે વધુ સમય વિતાવવો, શરદ ઋતુમાં શાળા માટે ખરીદી અથવા શિયાળાની રજાઓની તૈયારી સામેલ હોઈ શકે છે.પરિણામે, ઋતુઓમાં ફેરફાર લોકો જે વિચારે છે, અનુભવે છે અને કરે છે તેમાં ફેરફાર તરફ દોરી જાય છે. મોટાભાગના લોકો જાણે છે કે ઋતુઓમાં હવામાનના ફેરફારની લોકોના મૂડ પર અસર થાય છે, પરંતુ આ તો માત્ર હિમશિલાની ટોચ છે. મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ, ઉદારતા, રંગ પસંદગીઓ અને અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત કરી છે.અને તેથી, અમારા તાજેતરના સંશોધનમાં, અમે તપાસ કરી કે શું લોકોના સમર્થન કરતા નૈતિક મૂલ્યોમાં પણ ઋતુગત ચક્રો હોઈ શકે છે.અમે પાંચ મૂળભૂત સિદ્ધાંતોની તપાસ કરી જેને અગાઉના સંશોધનોએ મૂળભૂત નૈતિક મૂલ્યો તરીકે ઓળખ્યા છે. આમાંના બે સિદ્ધાંતો અન્ય લોકોને નુકસાન ન પહોંચાડવું અને બધા લોકો સાથે ન્યાયી વર્તન કરવું. વ્યક્તિગત અધિકારોને લગતા છે અને તેને ''વ્યક્તિકરણ'' મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.અન્ય ત્રણ સિદ્ધાંતો - પોતાના જૂથ પ્રત્યે વફાદાર રહેવું, સત્તાનો આદર કરવો અને જૂથની પરંપરાઓ જાળવવી, જૂથની એકતાને પ્રોત્સાહન આપે છે અને તેને ''બંધનકારક'' મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.મોટાભાગના લોકો આ બધા મૂલ્યોને સમર્થન આપે છે, પરંતુ લોકો તેમને પ્રાથમિકતા આપવાની માત્રામાં અલગ પડે છે, અને આ પ્રાથમિકતાઓ મહત્વપૂર્ણ અસરો ધરાવે છે. જે લોકો વ્યક્તિકરણ મૂલ્યોને પ્રાથમિકતા આપે છે તેઓ વધુ રાજકીય રીતે ઉદારમતવાદી હોય છે, જ્યારે જે લોકો બંધનકારક મૂલ્યોને પ્રાથમિકતા આપે છે તેઓ વધુ રૂઢિચુસ્ત, વધુ શિક્ષાત્મક હોય છે અને બાહ્ય જૂથો પ્રત્યે વધુ મજબૂત પૂર્વગ્રહો વ્યક્ત કરે છે.ઋતુગત ચક્રોશું ઋતુઓ લોકોના આ મૂળભૂત નૈતિક મૂલ્યોના સમર્થનની માત્રાને અસર કરે છે?

આ જાણવા માટે, અમે રૈર્સિક્ટિફ્ઝજ નામની સંશોધન વેબસાઈટ પરથી ડેટા મેળવ્યો, જે ઓનલાઈન સર્વે પદ્ધતિઓનો ઉપયોગ કરીને લોકોના આ પાંચેય મૂળભૂત નૈતિક મૂલ્યોના સ્વ અહેવાલિત સમર્થનનું મૂલ્યાંકન કરે છે.અમારા વિશ્લેષણમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં એક દાયકા (૨૦૧૧ ૨૦)ના ડેટામાં ૨૩૨,૯૭૫ પ્રતિભાવકોએ જણાવેલા મૂલ્યો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામોમાં અમેરિકનોના વ્યક્તિકરણ મૂલ્યોના સમર્થનમાં કોઈ સ્પષ્ટ ઋતુગત ચક્ર જોવા મળ્યું નહીં, પરંતુ અમેરિકનોના બંધનકારક નૈતિક મૂલ્યોના સમર્થનમાં સ્પષ્ટ અને સુસંગત ઋતુગત ચક્ર હતું.

# પાંચ લોકો પર વીજળી પડતા ત્રણના ઘટનાસ્થળે મોત

ભરૂચ, તા.૧૪

ભરુચ શહેર જિલ્લામાં સાંજ થતાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસેલા વરસાદ વચ્ચે પાદરીયા ગામમાં વીજળી પડતા ત્રણના મોત થયા હતા તેમજ બે લોકો દાઝી ગયા હતા.વાગરાથી મોટરસાયકલ લઈ પોતાના ગામ ચોરદા જતાં માર્ગમાં ધોધમાર વરસાદ પડવાનો શરૂ થતા હબીબભાઈ મલેક તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવા સહિત અન્યો સાથે વરસાદથી બચવા પાદરીયા ગામ નજીક કેનાલ પાસે બુલેટ ટ્રેનના બ્રિજ નજીક વડના ઝાડ નીચે ઊભા રહ્યા હતા. આ દરમિયાન વડના ઝાડ પર વીજળી પડતા નીચે ઉભેલા પાંચ લોકો માંથી 3 લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા તેમજ 2 લોકો દાઝી ગયા હતા.

ઘટનાની જાણ થતા 108 એમ્બ્યુલન્સ દ્વારા તમામને પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ પરના તબીબે હબીબભાઈ મલેક, તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવાને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અન્ય બે દાઝેલા ઓને વધુ સારવાર માટે ભરુચ ખાનગી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

### ભારતીય હાઈ કમિશનરને પરત બોલાવાયા

# ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ

**ટ્રૂડો સરકાર ભારતીય હાઈ કમિશનરને ફસાવવાના પ્રયાસમાં**

નવી દિલ્હી, તા.૧૪

કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા બાદ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો વારંવાર ભારત વિરુદ્ધ અવાર-નવાર ઝેર ઓકતા રહે છે.

ટ્રૂડો સરકારે નિજ્જર કેસમાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ 'વ્યક્તિગત હિત'નો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યા બાદ ભારતે જડબાતોડ જવાબ આપી મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે સંજય કુમાર વર્માને તાત્કાલિક ત્યાંથી ભારત પરત બોલાવી દીધા છે.

ભારત સરકારે કેનેડામાંથી હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે. ટ્રૂડો ભારત વિરુદ્ધ અવારનવાર ઝેર ઓકતા રહે છે. અગાઉ તેમણે ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા પાછળ ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો. હવે તેમની સરકારે ભારતના રાજદ્વારીઓને મુશ્કેલીમાં નાખવાના પ્રયાસો શરૂ કરી દીધા છે. કેનેડિયન સરકારે ભારતીય હાઈ કમિશનર વિરુદ્ધ કથિત કાર્યવાહી કરવાની તૈયારી કરતા ભારતે પણ જડબાતોડ જવાબ આપ્યો છે.વાસ્તવમાં કેનેડિયન સરકારે ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ નિજ્જરની હત્યાની તપાસમાં 'વ્યક્તિગત હિત' રાખ્યું હોવાનો આક્ષેપ કર્યો છે. જેનો ભારતે જડબાતોડ જવાબ આપી ભારતીય હાઈ કમિશનર પર આરોપ લગાવવાના કેનેડાના પ્રયાસોના જવાબમાં કાર્યવાહી કરવાની ચીમકી આપી હતી. હવે ભારતે આકરો નિર્ણય લઈ ભારતીય હાઈકમિશનરને તાત્કાલિક ભારત બોલાવી દીધા છે.

કેનેડાના પાયાવિહોણા આક્ષેપોને રદિયો આપતા ભારતે કહ્યું હતું કે, અમે કેનેડાના કોઈપણ આક્ષેપોને સાંભળવાના નથી. આ પહેલા વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કરીને કહ્યું છે કે, ભારતીય હાઈકમિશનર હત્યાની તપાસમાં રસ રાખનાર વ્યક્તિ હોવાના આક્ષેપ તદ્દન પાયાવિહોણા છે. ભારતે વળતો જવાબ આપી કહ્યું હતું કે, કેનેડાની સરકાર પુરાવા વગર અમારા અધિકારીઓને બદનામ કરી રહી છે. તેમની સરકાર પોતાની ધરતી પર ખાલિસ્તાની આતંકવાદીઓને અટકાવવામાં નિષ્ફળ ગઈ છે, તેથી તેઓ પાયાવિહોણા દાવાઓ કરી રહી છે.

### ખેતરમાં ઉભો ડાંગરનો પાક ખરાબ થઈ જવા પામ્યો

# અચાનક આવી ચઢેલા વરસાદે ખેડૂતોની દિવાળી બગાડી

**વલસાડ જિલ્લામાં ૭૫ હજાર હેક્ટરમાં ડાંગરનો પાક કરતા ખેડૂતોએ નુકશાની વેઠવાનો વારો આવ્યો છે**

વલસાડ,તા.૧૪

વલસાડ જિલ્લામાં વરસાદે ખેડૂતોની દિવાળી બગાડી નાંખી છે. જિલ્લામાં ૭૫ હજાર હેકટરમાં ડાંગરના ઉભા પાકમાં વરસાદના કારણે નુકશાની થતા ખેડૂતોએ રોવાનો વારો આવ્યો છે. ખેતીવાડી વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. ગુજરાતનું ચેરાપુંજી ગણાતા વલસાડ જિલ્લામાં નવરાત્રી બાદ પણ વરસાદ વરસી રહ્યો છે, જેને લઈ વલસાડ જિલ્લામાં ૭૫ હજાર હેકટરમાં ડાંગરનો પાક કરતા ખેડૂતોએ નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. પાછળથી પડેલા વરસાદના કારણે ડાંગરનો ઉભો પાક પડી જવા પામ્યો છે તો ડાંગરનો તૈયાર થયેલો પાક ખેડૂતો દ્વારા કાપણી કર્યા બાદ વરસાદ પડતાં ડાંગરનો પાક ખરાબ થઈ જવા પામ્યો છે. જિલ્લામાં મોટા ભાગના ખેડૂતો ડાંગરની ખેતી કરે છે અને ડાંગરના પાક પર નભે છે ત્યારે પાછળથી પડેલા વરસાદના કારણે ખેડૂતોનો ડાંગરનો ઉભો પાક ખરાબ થઈ જવાના કારણે ખેડૂતોએ નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ ખેતી ડાંગરના પાકની થાય છે. જિલ્લામાં ૭૫ હજાર હેકટરથી વધુમાં ડાંગરનો પાક લેવામાં આવે છે. નવરાત્રી બાદ દશેરાના દિવસથી ખેડૂતો દ્વારા ડાંગરની કાપણી શરૂ કરવામાં આવે છે. તેવામાં વલસાડ જિલ્લામાં નવરાત્રી દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે ખેડૂતોના ખેતરમાં ઉભો ડાંગરનો પાક ખરાબ થઈ જવા પામ્યો છે. જેને લઈ ખેડૂતોએ ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો છે. વલસાડ જિલ્લા પંચાયત સભ્ય ધવલ પટેલ દ્વારા ખેડૂતોને થયેલા નુકશાની સહાય મળે એ માટે રજુઆત કરી છે. તો બીજી બાજુ ખેતીવાડી વિભાગ દ્વારા સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.દિવાળીના હવે થોડા દિવસો બાકી રહ્યા છે ત્યારે ડાંગરના પાક પર નભતા ખેડૂતોને નુકસાની થતા ખેડૂતોની દિવાળી હવે ખરાબ જશે ત્યારે પાયમાલ બનેલા ખેડૂતોએ સરકાર પાસે સહાયની ગુહાર લગાવી છે.

# ગુજરાતમાં સરકારી નોકરી શોધતા ઉમેદવારોની દિવાળી સુધરી

અમદાવાદ,તા.૧૪

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સહાયક મોટર વાહન નિરિક્ષક વર્ગ ૩ની ૧૫૩ જગ્યા પર ભરતી જાહેર કરવામાં આવી છે. નાયબ સેક્શન અધિકારી (કાયદા) માટે ૪૦ જગ્યાઓ પર ભરતી જાહેર કરાઈ છે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની ૪૫ જગ્યાઓ પર ભરતી જાહેર કરાઈ છે.સરકારી નોકરીની તૈયારી કરતા ઉમદવારો માટે સારા સમાચાર આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સહાયક મોટર વાહન નિરિક્ષક વર્ગ ૩ની ૧૫૩ જગ્યા પર ભરતી જાહેર કરવામાં આવી છે. નાયબ સેક્શન અધિકારી (કાયદા) માટે ૪૦ જગ્યાઓ પર ભરતી જાહેર કરાઈ છે. જ્યારે ગાંધીનગર મહાનગરપાલિકાની ૪૫ જગ્યાઓ પર ભરતી જાહેર કરાઈ છે. જીપીએસસી દ્વારા જાહેર આ ભરતી જાહેર કરવામાં આવી છે. આવતીકાલથી ઓનલાઈન અરજી કરી શકાશે.

૧૫ ઓક્ટોબરથી ઓનલાઈન અરજીગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જુદા જુદા પદો માટે ભરતી જાહેર કરાઈ છે. જે તમામ પરીક્ષાઓમાં શૈક્ષણિક લાયકાત અલગ અલગ છે. આપને જણાવી દઈએ કે, આ ભરતી પરીક્ષા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો આવતીકાલ એટલે કે ૧૫ ઓક્ટોબરથી ઓનલાઈન અરજી કરી શકશે.

# બાબરડોલીમાં સ્વરાજ આશ્રમનાં નિરંજનાબહેન કલાર્થી (નાનીમા)ને આમંત્રણ પાઠવતા ગોપાલભાઈ વસ્તરપરા



બાબરાનાં ચમારડીનાં વતની અને ચુસ્ત સ્થિત ભામાશા ગોપાલભાઈ વસ્તપરાએ બારડોલી સ્થિત સ્વરાજ આશ્રમના નિરંજના બહેન કલાર્થી ઉર્ફ નાનીમાં કે જે બાળપણની ઉંમરએ સરદારના ખોળામાં રમેલા અને હાલ સ્વરાજ આશ્રમ ચલાવનારને આવનારી સરદાર જયંતિનું આમંત્રણ પાઠવીન મુલાકાત લઈને ધન્યતા અનુભવી હતી.


## Name has been changed

I hereby declarer, **kakadiya jagdishbhai govindbhai** my old name has been changed from **kakadiya jagdish govinbhai** to **kakadiya Jagdishbhai govindbhai** So From now on I will be Known by this name.


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૮૨ | ૧૫૭૦ |
| ૨ | અડદ | ૧૦૬૧ | ૧૦૬૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૩૦ | ૧૧૩૨ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૬૩૧ | ૧૬૩૧ |
| ૩ | શિંગ મોટી | ૭૨૫ | ૧૧૭૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૧૦ | ૧૨૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૮૯ |
| ૬ | તલ કાળા | ૨૮૪૦ | ૩૭૦૫ |
| ૭ | બાજરો | ૪૩૭ | ૪૬૬ |
| ૮ | જુવાર | ૪૩૫ | ૮૪૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૬૪૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૨૧ | ૬૨૪ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૧૨ | અડદ | ૭૦૦ | ૧૫૦૬ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૫૪૧ |
| ૧૪ | કપાસ | ૮૨૦ | ૧૬૪૫ |
| ૧૫ | એરંડા | ૯૬૫ | ૧૨૬૬ |
| ૧૬ | જીરૂ | ૨૧૭૫ | ૪૭૩૦ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૫૩૦ |
| ૧૮ | સોયાબીન | ૫૬૬ | ૮૮૩ |

## ભુરખિયા હનુમાનજી મંદિરે બુધવારે નેત્ર નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૧૪

સાવરકુંડલાના વિજપડી ગામે ખુલા ફયુજ કોઈ માનવ કે નાના બાળ કો આ રસ્તે જતાં હોય છે જયાં ગાયત્રી વિદ્યાલય આવેલી અને સ્થાનિક લોકો પણ ભયના આધારે જીવે છે. કે કોઈ મોટી જાનહાનિ ન થાય. આજે છેલ્લા કેટલાય સમયથી આ કામ થયેલ નથી. બહાના સારા બનાવવા આવે છે સ્ટોરમાં પેટીઓ નથી પણ એની વૈકલ્પિક સુવિધા તો હોય? એ કરી શકાય એ પણ નથી કરતા શું કારણ હોય શકે. કોઈ માનવ જિંદગીનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યા હશે. તેમ સમીર ખોખર દ્વારા જણાવેલ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૯૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૮૨૧ | ૧૦૫૧ |
| ૩ | અડદ | ૮૦૫ | ૧૦૫૧ |
| ૪ | સોયાબીન | ૭૦૫ | ૮૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૫૧ | ૧૧૩૦ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૧૫૬ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૫૦ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૩૬૫૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૩૭૦ | ૧૫૮૬ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૩ | ૫૯૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૩ | ૬૩૬ |
| ૯ | જુવાર | ૫૭૨ | – |
| ૧૦ | મગ | ૧૧૨૫ | ૧૫૪૦ |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૨૨૭૨ |
| ૧૨ | ચણા | ૧૨૪૧ | ૧૪૭૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૮૫૦ |
| ૧૪ | સોયાબીન | ૬૭૪ | ૮૨૭ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં મેઘાવી તાંડવથી**

બિસ્માર બની ગયા હોય દિવાળી પહેલા બિસ્માર માર્ગોની મરામત પણ થઈ શકતી નથી અને દિવાળી નજીકમાં હોય જિલ્લાનાં વતનીઓ અમદાવાદ, સુરતથી તહેવાહરમાં જિલ્લામાં આવવાનાં હોય માર્ગોનું રીપેરીંગ થતું નથી.

**બાબરા**

ગત રાત્રે બાબરાના ફુલઝર ગામે અનરાધાર વરસાદથી ખેતીપાકો વરસાદી પાણીમાં તણાયા હતાં. ગત રાત્રે જાણે આભ ફાટયું હોય એવી પરિસ્થિતિ ફુલઝર ગામે જોવા મળી હતી. ૪ ઈંચ જેટલા વરસાદથી ખેતીપાકો વરસાદી પાણીમાં વહી ગયા. વારથી ખેડૂતો દ્વારા ખેતીપાક મગફળીને શોધવા લાગ્યા હતા.

ખેડુતો મજૂરો રાખીને નદીના પટ્ટમાં ખેતીપાક મગફળી શોધતા જોવા મળ્યા. છેલ્લા વરસાદમાં ખેડૂતોની કમાણી વરસાદમાં તણાઈ જેવી સ્થિતિ નિર્માણ પામી.

ફુલઝર ગામના આગેવાન નાગરાજભાઈ વાળાએ જણાવ્યું હતું કે, રાત્રીના અનરાધાર વરસાદ પડી ગયો હતો ભારે વરસાદથી ગામ અને સિમ વિસ્તારમાં પાણી પાણી જોવા મળ્યા હતા. ગામથી પ્લોટ વિસ્તારમાં ભારે પાણી આવવાથી સંપર્ક વિહોણું બન્યું હતું અને સિમ વિસ્તારમાં પણ સિંગના પાથરાઓ પાણીમાં તણાયા હતા અને કપાસના પાકને પણ નુકસાની થઈ હતી. આ બાબતે સરકાર દ્વારા તત્કાલ સર્વે કરી ખેડૂતોને સહાય ચુકવામાં આવે તેવી પણ માંગ કરી હતી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૪૬ |
| ૪ | જુવાર | ૭૬૫ | ૭૬૫ |
| ૫ | ચણા | ૧૩૬૨ | ૧૩૭૧ |
| ૬ | જીરૂ | ૪૧૭૫ | ૪૧૭૫ |
| ૭ | અડદ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૮ | રજકાબી | ૪૧૨૦ | ૪૧૨૦ |
| ૯ | તુવેર | ૧૧૯૫ | ૧૧૯૫ |
| ૧૦ | ધાણા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૧ | સોયાબીન | ૬૪૦ | ૮૧૫ |
| ૧૨ | તલ કાળા | ૨૬૫૫ | ૨૬૫૫ |
| ૧૩ | મગફળી | ૫૭૫ | ૯૬૦ |
| ૧૪ | ચણા સફેદ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૦૧૫ | ૧૧૬૧ |
| ૧૬ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૯૧ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં વાંડળીયા ગામનાં**

સાંજના ૬ વાગ્યાના અરસામાં ઘર વખરીનો સરસામાન લેવા માટે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૦૩એલએલ–૨૪૯૩નું લઈને બાબરા ગયેલ હતા અને ઘરવખરીનો સરસામાન લઈ વાડીએ પરત આવતા હતા ત્યારે અમરાપરા ગામે ખોડીયાર માતાજીના મંદિર પાસે પહોંચતા પોતાના હવાલાવાળુ મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મોટર સાયકલ પરનો કાબુ ગુમાવી રોડ ઉપર સ્લીપ ખવરાવી દઈ પોતાના માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી પોતે પોતાનું મોત નિપજાવ્યાનું જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ૨ | કપાસ કોડી | ૯૦૦ | ૧૨૧૦ |
| ૩ | મગફળી નવી | ૮૪૦ | ૯૬૦ |
| ૪ | જીરૂ | ૪૦૨૫ | ૪૬૨૫ |
| ૫ | અડદ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| ૬ | ઘઉં | ૪૮૯ | ૬૧૧ |
| ૭ | જુવાર | ૫૧૦ | ૬૯૦ |
| ૯ | તલ સફેદ | ૨૦૧૦ | ૨૨૯૦ |
| ૧૦ | સોયાબીન | ૭૭૩ | ૮૦૭ |
| ૧૧ | મગ | ૧૪૩૯ | ૧૬૧૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૯૦૩ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૧ | ૨૩૦૦ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ૫ | બાજરો | ૪૫૯ | ૫૭૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૫૩ |
| ૭ | જુવાર | ૪૭૧ | ૮૨૦ |
| ૮ | મકાઈ | ૫૭૫ | ૫૭૫ |
| ૯ | મગ | ૧૩૬૦ | ૧૫૦૦ |
| ૧૦ | અડદ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૦૧ | ૧૧૦૧ |

# સાવરકુંડલા ખાતે ૪.૧૨ કરોડનાં ખર્ચે બનેલ એસ.ટી. વર્કશોપ ધારાસભ્ય કસવાલાનાં હસ્તે ખુલ્લુ મુકાયું



કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સાવરકુંડલાએ વિકાસ ક્ષેત્રે આગવા સીમાચિન્હો અંકિત કર્યા છે ત્યારે સાવરકુંડલા લીલીયા વિધાનસભા વિસ્તારના ધારાસભ્યોએ સાવરકુંડલાના વિકાસ માટે અઢળક સરકાર માંથી ગ્રાન્ટો લાવીને એક શ્રેષ્ઠ ધારાસભ્ય તરીકેનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડયું છે. ત્યારે સાવરકુંડલાના મહુવા રોડ ઉપર આવેલ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમનું એસટી ડેપોમાં રૂપિયા ચાર કરોડને ૯૨ લાખના ખર્ચે તૈયાર થયેલ એસટી વર્કશોપ ધારાસભ્ય મહેશ કસવાલાએ ખુલ્લુ મૂકયું હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં એસ.ટી.ના વિભાગે નિયામક પી.વી. ધામા, નગરપાલિકાના પ્રમુખ મેહુલ ત્રિવેદી, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, જિલ્લા પંચાયતના સદસ્યઓ લાલભાઈ મોર અને સરદભાઈ ગોદાણી, નગરપાલિકાના સદસ્યઓ સંગઠનના કાર્યકર્તાઓ પદાધિકારીઓ તેમજ એસટીના અધિકારીઓમાં વિભાગીય યાંત્રિક ઈજનેર એચ.એન.દવે, વિભાગીય પરિવહન અધિકારી હીરીબેન કટારા, બાંધકામ ઈજનેર એચ.આર. મોરધરા, અવ્વલ સુરક્ષા નિરીક્ષક પંકજભાઈ માકડીયા, વિભાગીય આંકડા અધિકારી એસ.આઈ. અપારનાથી, વિભાગીય હિસાબી અધિકારી જે.વી. જોશી, સિવિલ સુપરવાઈઝર એસ.પી.જોશી, ડેપો મેનેજર વી.એચ નથવાણી, કામદાર અધિકારી એસ.એમ અન્સારી સહિતના ભાજપ કાર્યકર્તા અને એસટી બસના ડ્રાઈવર કંડકટર સહિતના ઉપસ્થિત રહ્યા હતા તેમ સત્વ અટલ ધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

